# સુરત મહાનગરપાલિકા

## મોજે : વરીયાવ-કોસાડ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તૈયાર કરવા બાબત

### અધિસુચન

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭/૧૨/૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તામંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ- ૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૦૭/૨૦૧૩, તા. ૧૯-૦૩-૨૦૧૩થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૮૩માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ મોજે: વરીયાવ, કોસાડ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત
તા. -૨૦૧૩

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

**-: ઠરાવ :-**

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૯-૦૩-૨૦૧૩નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

xxxxxxxxxx

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૧૬-૦૩-૨૦૧૩નાં પત્ર નં. સીપીસ/૮/૩૯થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજૂર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

નં. પીઆરઓ/૭૭૫/૨૦૧૨-૧૩
તા. ૨૦/૦૩/૨૦૧૩

ઠરાવ નં. ૦૭/૨૦૧૩ સર્વાનુમતે મંજુર

ગુજરાત સમાચાર, તા. ૨૨/૦૩/૧૩, પાના નં. ૧૪

# સુરત મહાનગરપાલિકા

## મોજે : વરીયાવ-કોસાડ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તૈયાર કરવા બાબત.

### અધિસુચન

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭/૧૨/૦૬ ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી.સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭) ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૦૭/૨૦૧૩, તા. ૧૯-૦૩-૨૦૧૩ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૮૩માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ મોજે : વરીયાવ, કોસાડ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

**સુરત. તા. - -૨૦૧૩.** **કમિશ્નર - સુરત મહાનગરપાલિકા**

**ઠરાવ**

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૯-૦૩-૨૦૧૩નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો**

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૧૬-૦૩-૨૦૧૩નાં પત્ર નં. સીપીસ/૮/૩૯ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**નં.પીઆરઓ/૭૭૫/૨૦૧૨-૧૩**
**તારીખ : ૨૦/૦૩/૨૦૧૩**

**ઠરાવ નં. ૦૭/૨૦૧૩ સર્વાનુમતે મંજુર**

ગુજરાત મિત્ર, તા. ૨૨/૦૩/૧૩, પાના નં. ૦૮